# વર્ષ ૨૦૧૭ – ૨૦૧૮

# પ્રથમ અપીલ હુકમોઃ

**RTI CELL**
**SCIENCE CENTRE SURAT**
**અપીલ અરજી તા. ૧૭/૦૧/૨૦૧૮, અરજી આઈ.ડી. નં. ૨૦૨૮, તા. ૨૧/૧૨/૨૦૧૭**

**અરજદારઃ–** શ્રી આઝાદ મો. રીઝવાન અબ્દુલ રબ
**સામાવાળાઃ–** જાહેર માહિતી અધિકારી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી
સાયન્સ સેન્ટર સુરત.

**ફરીયાદની હકીકતઃ–**

**વિષયઃ–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ ૨૦૦૫ હેઠળની શ્રી આઝાદ મો. રીઝવાન અબ્દુલ રબની તા.૨૧/૧૨/૨૦૧૭ ની અરજી

"વોર્ડ નં. ૧૧ નોંધ નં. ૧૫૦૨, ૧૫૦૩ જે હુમાયુસરાય મસ્જીદના નામથી ઓળખાય છે તે ઐતિહાસીક ઈમારત છે, જેની જાળવણી, સાર–સંભાળ, દેખરેખ, તે દરેક ભારતના નાગરીકની નૈતિક કર્તવ્ય ફરજ છે જેની વિરુધ્ધ અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલ અરજીની માહિતીની નકલો, તેના અનુસંધાને થયેલ કાર્યવાહી, નોટીસ, નિવેદનોની માહિતીની નકલો સહિત પાંચ મુદ્દામાં આપવા બાબત." માહિતીના મુદ્દા અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ–** ૧) અરજદાર શ્રી આઝાદ મો. રીઝવાન અબ્દુલ રબની તા.૧૭/૦૧/૨૦૧૮ની અરજી નં.સા.વે.ઝોન./આઈ.ડી.નં. ૨૦૨૮.
૨) જાહેર માહિતી અધિકારી અને કયુરેટરનાં પત્ર સા.સે.આર.ટી.આઈ.આ.નં.૧૧, તા.૦૪/૦૧/૨૦૧૮.
૩) અરજદારની અપીલ અધિકારી અને ચીફ કયુરેટરને કરેલી પ્રથમ અપીલ સા.સે.ઈ.નં.૨૪, તા.૦૨/૦૨/૨૦૧૮
૪) અપીલ અધિકારી અને ચીફ કયુરેટરનો પત્ર સા.સે.આ.નં.૧૪, તા.૦૯/૦૨/૨૦૧૮.

શ્રી આઝાદ મો. રીઝવાન અબ્દુલ રબની તા.૧૭/૦૧/૨૦૧૮ ની **અરજી ક્રમાંક સા.વે.ઝોન./આઈ.ડી.નં. ૨૦૨૮** અન્વયે"વોર્ડ નં. ૧૧ નોંધ નં. ૧૫૦૨, ૧૫૦૩ જે હુમાયુસરાય મસ્જીદના નામથી ઓળખાય છે તે ઐતિહાસીક ઈમારત છે, જેની જાળવણી, સાર–સંભાળ, દેખરેખ, તે દરેક ભારતના નાગરીકની નૈતિક કર્તવ્ય ફરજ છે જેની વિરુધ્ધ અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલ અરજીની માહિતીની નકલો, તેના અનુસંધાને થયેલ કાર્યવાહી, નોટીસ, નિવેદનોની માહિતીની નકલો સહિત પાંચ મુદ્દામાં આપવા બાબત." માહિતીના મુદ્દા અંગેની માહિતી આપવા બાબતે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અધિકારીને તા.૧૭/૦૧/૨૦૧૮ નાં રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીનાં અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ, આપવાજોગ પુરક માહિતીની વિગતો, વિલંબ/ વિસંગતતા/ ઈનકાર/ હોય તો તેની સ્પષ્ટતા તથા **અપીલનાં મુદ્દા અંગે આપનો પક્ષ રજુ કરવા તથા માહિતીની હકીકત લક્ષી દફતરી વિગતો સ્પષ્ટ કરવા જાહેર માહિતી અધિકારી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી, સાયન્સ સેન્ટર સુરત અને અરજદાર શ્રી** આઝાદ મો. રીઝવાન અબ્દુલ રબ**ને તા.૧૭/૦૨/૨૦૧૮ ના રોજ રૂબરૂ રજુઆત માટે હાજર રહેવા અપીલ અધિકારી અને ચીફ કયુરેટર દ્વારા સા.સે.આ.નં.૧૪, તા.૦૯/૦૨/૨૦૧૮ થી પત્ર પાઠવવામાં આવેલ હતો.**

અરજદાર દ્વારા ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં તા.૨૧/૧૨/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ, જે અરજી આઈ.ડી.નં. ૨૦૨૮, જે અરજી સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનનાં પત્ર ક્રમાંક સી.સી.સી.સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૦૨૮, તા.૨૬/૧૨/૨૦૧૭થી ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન અને ડે. ઈજનેરશ્રી (હેરીટેજ સ્કવેર પ્રોજેકટ) ખાતે તબદીલ કરવામાં આવેલ. આ અરજી હેરીટેજ સેલના પત્ર ક્રમાંક એચઆર./એસસી/આ.નં.૯, તા. ૨૬/૧૨/૨૦૧૮થી સાયન્સ સેન્ટર ખાતે તબદીલ કરવામાં આવેલ, જે અરજી તા.૨૯/૧૨/૨૦૧૭

ના રોજ સા.સે.ઈ.નં. ૨૧/૧ થી નોંધાયેલ હતી. સદર અરજીનાં સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી દ્વારા સા.સે.આ.નં.૧૧ થી તા.૦૪/૦૧/૨૦૧૮ ના રોજ અરજદારને માહિતી મોકલવામાં આવેલ.

સદર બાબતે અરજદારે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અરજી સેન્ટ્રલ ઝોનમાં તા.૧૭/૦૧/૨૦૧૮ના રોજ કરેલ, જે અરજી સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનનાં પત્ર ક્રમાંક સી.સી.સી.સી.ઝોન/આઉટ/૨૫૮, તા.૧૮/૦૧/૨૦૧૮થી કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન અને કાર્યપાલક ઈજનેરશ્રી (હેરીટેજ સ્કવેર) ખાતે તબદીલ કરવામાં આવેલ. આ અરજી હેરીટેજ સેલના પત્ર ક્રમાંક હેરીટેજ/આઉટ/૨, તા. ૩૧/૦૧/૨૦૧૮થી સાયન્સ સેન્ટર ખાતે તબદીલ કરવામાં આવેલ, જે અરજી તા.૦૨/૦૨/૨૦૧૮ ના રોજ સા.સે.ઈ.નં. ૨૪ થી નોંધાયેલ હતી. સદર અરજીનાં સંદર્ભમાં જાહેર માહિતી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી તથા અરજદાર શ્રી આઝાદ મો. રીઝવાન અબ્દુલ રબને પત્ર સા.સે.આ.નં. ૧૪, તા.૦૯/૦૨/૨૦૧૮ થી રૂબરૂ રજુઆત અંગે તા.૧૭/૦૨/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને ચીફ કયુરેટરની ઓફિસે સવારે ૧૧:૦૦ કલાકે બોલાવવામાં આવેલ, પરંતુ આ દિવસે અપીલ અધિકારીશ્રી અને ચીફ કયુરેટરની અગત્યની મીટીંગ હોવાથી અરજદાર શ્રી આઝાદ મો. રીઝવાન અબ્દુલ રબ સાથે ચર્ચા કરી તા.૧૭/૦૨/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને ચીફ કયુરેટરની ઓફિસે સવારે ૧૧:૦૦ કલાકે સુનવણી રાખવામાં આવેલ, જેમાં અરજદાર શ્રી હાજર રહેલ હતા. સદર રૂબરૂ રજુઆતમાં ચીફ કયુરેટરશ્રીએ અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી અંગે સ્પષ્ટતા રજુ કરવામાં આવેલ, જે અરજદારને સંતોષકારક લાગી હતી. અરજદાર દ્વારા તા.૨૦/૦૨/૨૦૧૮ના રોજ માંગેલ માહિતીની વિગતોની સંતોષકારક સ્પષ્ટતા આપવામાં આવેલ છે તેમ લેખિતમાં જણાવેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે. તેથી સદરહું અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં તા.૧૭/૦૧/૨૦૧૮ નાં રોજની અપીલ અરજી નં. સી.સી.સી.સી.ઝોન/આઉટ/૨૫૮ નો નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવેલ છે.

"અરજદારની તા.૨૧/૧૨/૨૦૧૭ ની RTI અરજી હેઠળ માંગેલ માહિતી તેમજ પ્રથમ અપીલ અરજી હેઠળ માંગેલ માહિતીનાં અનુસંધાને અરજદાર તથા જાહેર માહિતી અને કયુરેટરને પત્ર સા.સે.આ.નં. ૧૪, તા.૦૯/૦૨/૨૦૧૮ થી રૂબરૂ રજુઆત અંગે તા.૧૭/૦૨/૨૦૧૫ ના રોજ અપીલ અધિકારી અને ચીફ કયુરેટરની ઓફિસે સવારે ૧૧:૦૦ કલાકે બોલાવવામાં આવેલ, પરંતુ આ દિવસે અપીલ અધિકારીશ્રી અને ચીફ કયુરેટરની અગત્યની મીટીંગ હોવાથી અરજદાર શ્રી આઝાદ મો. રીઝવાન અબ્દુલ રબ સાથે ચર્ચા કરી તા.૧૭/૦૨/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને ચીફ કયુરેટરની ઓફિસે સવારે ૧૧:૦૦ કલાકે સુનવણી રાખવામાં આવેલ, જેમાં અરજદાર શ્રી હાજર રહેલ હતા તથા ચીફ કયુરેટરશ્રી તરફથી કરવામાં આવેલ સ્પષ્ટતા અરજદારને સંતોષકારક લાગી હતી જે ધ્યાને લેતાં વધુ માહિતી આપવાની જરૂર રહેતી નથી, **<u>જે ધ્યાને લઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.</u>** આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ ની કલમ – ૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર – ૩૮૨ ૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

(ભામિની એ.મહિડા)
અપીલ અધિકારી અને ચીફ કયુરેટર,
સાયન્સ સેન્ટર સુરત
સુરત મહાનગરપાલિકા.

સા.સે. આર.ટી.આઈ.આ.નં. ૧૪
તા. ૦૯/૦૨/૨૦૧૮

ન.ર. : જાહેર માહિતી અધિકારી અને કયુરેટર, સાયન્સ સેન્ટર સુરત પ્રતિ, ..................... જાણ સારૂ
ન.ર. : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી હેરીટેજ સેલ પ્રતિ, .................. જાણ સારૂ